32951 / 2025

**આંક–૦૧ તળે હુકમ**

ફરીયાદ હકીકત ધ્યાનમાં લીધી. હાલની ફરીયાદ પોલીસ દ્વારા એમ.વી.એકટ અન્વયેના ગુન્હા અન્વયે દાખલ કરેલ છે. બનાવની તારીખ જોતાં અને સજાની જોગવાઈ ધ્યાનમાં લેતા, આ ગુન્હો બન્યા બાદ પોલીસના ધ્યાન ઉપર આવેલ છે અને ત્યારબાદ હાલની ફરીયાદ કોર્ટમાં રજુ કર્યાની તારીખ જોતાં બી.એન.એસ.એસ.ની કલમ–૫૧૪ મુજબ કોગ્નિઝન્સ લેવાની સમય મર્યાદા વીતી ગયા બાદ રજુ થયેલ છે. વિલંબ અંગે કોઈ કારણ કે ખુલાસો નથી, આ સંજોગોમાં અત્રેની કોર્ટ દ્વારા કાયદાની નિયત કરેલી સમય મર્યાદા બાદ ગુન્હા અંગે કોગ્નિઝન્સ લઈ શકે નહીં અને આરોપી સામે ટ્રાયલ શરૂ કરી શકાય નહીં. જેથી હાલનો કેસ આગળ ચાલવાપાત્ર નથી. સબબ ફરીયાદ પક્ષે સાંભળ્યા, હાલનો કેસ બી.એન.એસ.એસ.ની કલમ–૫૧૪ મુજબ કોગ્નિઝન્સ લેવા સામે બાધ હોય, આજ રોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં ફેંસલ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ જાહેર કર્યો.

**સ્થળ :** વડોદરા
**તારીખ : ૦૮/૦૩/૨૦૨૫**

**દેવદત્ત વી. વ્યાસ**
૮ માં અધિક સિવિલ જજ અને
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
વડોદરા. **(જીજે૦૧૬૫૯)**